(૫)

**IHSDP અને BSUP યોજનાઓ હેઠળ**

શહેરી ગરીબો માટેની આવાસ યોજના ના

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત

જનજાતિના લાભાર્થીઓ માટે સબસીડી સહાય

આપવા બાબત....

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર**

ઠરાવ ક્રમાંક:એસ.સી.પી.-૧૦૨૦૦૮-BR-12-ધ (પાર્ટ-૧)

તા: 30/ 9 / ૨૦૦૯

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં વસતા ગરીબો માટેની આવાસ માટે જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય નવીનીકરણ મિશન હેઠળ બે યોજનાઓ અમલી બનાવવામાં આવેલ છે. આ યોજનાઓના અમલીકરણ માટે ગુજરાત શહેરી વિકાસ મિશનને નોડલ એજન્સી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય નવીનીકરણ મિશન હેઠળની આવાસ યોજનાઓમાં દસ લાખથી વધુની વસ્તી ધરાવતા શહેરો માટે "શહેરી ગરીબો માટે મૂળભુત સુવિધા" માટે ની યોજના (Basic Service for Urban Poor) અને દસ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરો માટે સંકલિત આવાસ અને ગંદા વસાવટ વિકાસ કાર્યક્રમ (Integrated Housing and Slum Development Programme) નો સમાવેશ થાય છે, જે હેઠળ શહેરી વિસ્તારોના સ્લમ વિસ્તારોમાં રહેતા ગરીબ કુંટુબના લાભાર્થીને લોક ભાગીદારીથી પાણી, વીજળી, ગટર જેવી પ્રાથમિક સુવિધા સહિતના આવાલો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા સમાજના આર્થીક રીતે નબળા વર્ગો ને આવાસ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે અગાઉ તા.૧૪/૧૦/૧૯૯૯ ના ઠરાવથી અનુસૂચિત જાતિ / જનજાતિ ના લાભાર્થીઓ માટે સબસીડી આપવાની યોજના અમલી બનાવવામાં આવેલ હતી, તથા આ અંગે ગુજરાત હાઉસીંગ બોર્ડને નોડલ એજન્સી તરીકે નિમાવવામાં આવેલ અને તે અનુસાર જરૂરી અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવેલ, પરંતુ બોર્ડ દ્વારા મકાનોના બાંધકામ અંગેની કામગીરી સ્થગિત કરવામાં આવતા આર્થિક રીતે નબળા વર્ગો માટેની આવાસ યોજના માટે આ વિભાગના તા.૧૧/૦૭/૨૦૦૭ ના ઠરાવ થી ગુજરાત શહેરી વિકાસ મિશન (જી.યુ.ડી.એમ.) ને નોડલ એજન્સી તરીકે નિમવામાં આવેલ છે.

ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારી અમલી B.S.U.P. અને I.H.S.D.P. હેઠળની યોજ્નાઓમાં લાભાર્થી કુટુંબને આવાસની ફાળવણી અંગે રૂ.30,000/- જેટલો લાભાર્થી ફાળો ચુકવવાનો થાય છે. આથી સમાજના નબળા વર્ગના લાભાર્થીઓને નાણાકીય સહાય આપી શકાય તે હેતુસર આ બને યોજ્નાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટેની આવાસ યોજના હેઠળ ઉપલબ્ધ થતી સબસીડી સહાયનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

Inward : 517
Date : 31/1/09
GUDM Gandhinagar

Addl. C.E.O.
DM (E)
Acct
PMU
GM(T)
BSUP/IHSDP

ઠરાવ:

સરકારશ્રીએ કાળજી પૂર્વક વિચારણાના અંતે જવાહરલાલ નેહરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના હેઠળ અમલી Basic Service for Urban Poor અને Integrated Housing & Slum Development Programme યોજના અંતર્ગત રજયની મહાનગરપાલિકા અને નગરપાલિકઓમાં આવાસ નિર્માણના કાર્યક્રમો હેઠળના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ ના લાભાર્થીઓ એ આપવાના થતા લાભાર્થી ફાળા પૈકી રૂ.૫૦૦૦/- (પાંચ હજાર પુરા) સબસીડી તરીકે રાજય સરકાર તરફથી ચુકવવાનું ઠરવવામાં આવે છે અર્થાત લાભાર્થીએ રૂ.૫૦૦૦/- જેટલી રકમ પોતાના ફાળામાં ઓછી ચુકવવાની રહેશે.

જે મહાનગરપાલિકા/ નગરપાલિકાઓમાં B.S.U.P. તથા I.H.S.D.P. યોજના હેઠળ આવાસ પ્રોજેકટ મંજુર કરવામાં આવ્યા હોય તેઓ દ્વારા સદર યોજના હેઠળના અનુસૂચિત જાતિ અને અનુચૂચિત જનજાતિ ના લાભાર્થીઓની સંખ્યાનું પ્રમાણપત્ર રજુ કરવાના આધારે ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા આ સબસીડીની રકમ ચુકવામાં આવશે. આ મુજબ મેળવવામાં આવેલ સબસીડીની રકમ સંબંધિત મહાનગરપાલિકા / નગરપાલિકાએ લાભાર્થીના વ્યકિતગત હિસાબમાં જમા લઇ તે મુજબનું વપરાશી પ્રમાણપત્ર તથા લાભાર્થીની વિગતો ગુજરાત શહેરી વિકાસ મિશનની સુચનાનુસાર મોકલી આપવાનું રહેશે.

ઉપર્યુકત સબસીડી સહાય અંગેનો ખર્ચ આ વિભાગ દ્વારા આર્થીક રીતે નબળા વર્ગો માટેની આવાસ યોજના માટે SCSP/ TASP સદરે ઉપલબ્ધ કરાવેલ અંદાજપત્રીય અનુદાનમાં થી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના નામે અને હુકમ થી,

(એલ.એમ.ઓઝા)
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

Inward :
Date :
GUDM, Gandhinagar.

પ્રતિ,

૧.ઉપસચિવશ્રી, (રોકડ),શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર. (ત્રણ નકલ)

૨.અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન,ગાંધીનગર.

૩.મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ,ગાંધીનગર.

૪.ઓડીટર જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

૫.નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.

૬.નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭.જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.

૮.ઉપસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, છ શાખા, સચિવાલય, ગાંધીનગર.

૯.બજેટ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૧૦.ઉપસચિવશ્રી, સમાજ કલ્યાણ અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર